ક્ર. ૦૧/૨૦૨૧-૨૨, પશુધન નિરીક્ષક
(Live stock Inspector)

...પત્રમાં કુલ 24 છાપેલા પાના છે.

# LSI-21-22

કુલ ગુણ : 100

સમય : 1 કલાક

ઉમેદવારનો બેઠક ક્રમાંક : ______

પ્રશ્નપુસ્તિકા કોડ : **D**

LSI-21-22
D 9002350
SEAL SEAL SEAL SEAL

ઉમેદવારની સહી : ______ ખંડ નિરીક્ષકની સહી : ______

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

ઉમેદવારોને સૂચના :

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E આપેલ છે. પ્રશ્નની સાથે જ પાંચેય વિકલ્પ આપવામાં આવેલા છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી
(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે
(E) Not Attempted

જવાબવહી (Answer Sheet)માં

A ○ B ● C ○ D ○ E ○

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) **પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે.** મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે, જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબ દીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iii) એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-0.33) (માઈનસ ઝીરો પોઈન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iv) **દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" ("Not Attempted") રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં.**

આમ ઉમેદવારે સાચા જવાબ દ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i), (ii), (iii) મુજબ માઈનસ થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર OMR SHEETના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાના OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે તથા **ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) પર નિયત જગ્યાએ પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરવાનું રહેશે તેમજ OMR SHEET ઉપર આપેલ સૂચનાઓ વંચાણે લઈ તેનો ફરજિયાત અમલ કરવાનો રહેશે.**

(7) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની વિગતો લખવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, કેમેરા, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે :**

(સાચા જવાબની સંખ્યા x 1) – {(ખોટા જવાબની સંખ્યા x 0.33) + (ખાલી છોડેલ પ્રશ્નની સંખ્યા x 0.33) + (છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા x 0.33)} = ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

PariksaPath . pariksapath.in

SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા



ParikSaPath . pariksapath.in

1. 'I was surprised when I heard him talk so.' is transformed as _______.

(A) I was surprised that he talk so.

(B) I was surprised to hear him talk so.

(C) It is very surprising to hear that he talk like this.

(D) I am surprised to hear him talk so.

(E) Not Attempted

2. "સંધ્યાઆરતીના ઘંટારવ, નગારાં ને શંખનાદ બધે સામટાં ગુંજી ઊઠે." – આ વાક્યમાં વપરાયેલો કયો શબ્દ સમાસ નથી તે જણાવો.

(A) ઘંટારવ
(B) નગારાં
(C) શંખનાદ
(D) સંધ્યાઆરતી
(E) Not Attempted

3. MACS-1407 શું છે ?

(A) ઘઉંની નવી જાત
(B) કપાસની નવી જાત
(C) સોયાબીનની નવી જાત
(D) ચોખાની જાત
(E) Not Attempted

4. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ ભારતના કેન્દ્રીય મંત્રીમંડળમાંથી કયા વર્ષે રાજીનામું આપ્યું હતું ?

(A) 1950
(B) 1951
(C) 1952
(D) 1949
(E) Not Attempted

5. શ્રી ગોપાલ પુરૂષોત્તમ ફડકેને કઈ રમત માટે દ્રોણાચાર્ય એવોર્ડ મળેલ છે ?

(A) બાસ્કેટબોલ
(B) હોકી
(C) ખો-ખો
(D) કબડ્ડી
(E) Not Attempte

6. Both the tiger and the leopard are cats; the _______ animal is much larger than the _______.

(A) former, latter
(B) former, late
(C) former, latest
(D) former, later
(E) Not Attempted

7. _______ more they get, _______ more they want.

(A) an, an
(B) The, the
(C) an, the
(D) a, an
(E) Not Attempted

8. I _______ for my friend _______ he came.

(A) wait, still
(B) had waited, still
(C) will wait, unless
(D) waited, until
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

9. સમગ્ર ભારત વર્ષમાં ચાર મઠોની સ્થાપના કોણે કરી ?

(A) રામકૃષ્ણ પરમહંસ
(B) ગાંધીજી
(C) ગંગાધર ટીળક
(D) શંકરાચાર્ય
(E) Not Attempted

10. "હવનમાં હાડકાં નાખવાં" – રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) ધાર્મિક કાર્યનો વિરોધ કરવો.
(B) સારાં કામમાં દખલ કરવી.
(C) યજ્ઞકાર્યમાં વિઘ્ન નાંખવું.
(D) ખોટાં કામનો વિરોધ કરવો.
(E) Not Attempted

11. તહેવાર અને તીથિ અંગે નીચેના જોડકા પૈકી કયું સાચુ નથી ?

(A) રક્ષા બંધન – શ્રાવણ સુદ પુનમ
(B) હોળી – ફાગણ સુદ પુનમ
(C) શરદ પુનમ – આસો વદ પુનમ
(D) અખાત્રીજ – વૈશાખ સુદ ત્રીજ
(E) Not Attempted

12. She _______ Sanskrit language _______.

(A) is speaking, fluencely
(B) spoke, fluence
(C) speech, fluent
(D) speaks, fluently
(E) Not Attempted

13. By 2050, computers _______ many of the jobs that people do _______.

(A) will have took over, yesterday
(B) will have taking over, everyday
(C) has taken over, today
(D) will have taken over, today
(E) Not Attempted

14. ફુટબોલની એક ટીમમાં અવેજી સહીત કેટલા ખેલાડીઓ હોય છે ?

(A) 17
(B) 15
(C) 16
(D) 12
(E) Not Attempted

15. 'જિલ્લો', 'તાલુકો' કઈ ભાષામાંથી ગુજરાતીમાં આવેલા છે ?

(A) ઉર્દૂ
(B) અરબી
(C) ફારસી
(D) પોર્ટુગીઝ
(E) Not Attempted

16. ગુજરાતમાં નીચે આપેલ પૈકી કયો એક જીલ્લો સૌથી વધુ પડોશી જીલ્લાઓ સાથે સરહદથી જોડાયેલ છે ?

(A) સુરેન્દ્રનગર
(B) અમરેલી
(C) મહેસાણા
(D) પંચમહાલ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

17. નીચે વિરોધી શબ્દોની જોડ આપી છે, તેમાં કઈ જોડ સાચી નથી ?

(A) ઉદય × અસ્ત
(B) ઉજાસ × પ્રકાશ
(C) ઉન્નતિ × અવનતિ
(D) આકાશ × પાતાળ
(E) Not Attempted

18. નીચે આપેલ અંગ્રેજી મૂળાક્ષરોની શ્રેણીમાં ખાલી જગ્યાએ કયો મૂળાક્ષર આવશે ?

R, U, X, A, D ____

(A) G
(B) H
(C) I
(D) F
(E) Not Attempted

19. ભારત-પાકિસ્તાનના 1965 અને 1971ના યુદ્ધમાં ભારતીય સૈન્યને રસ્તાનું માર્ગદર્શન આપી નિર્ણાયક ભૂમીકા ભજવનાર રણછોડદાસ પગી કયા જિલ્લાના વતની હતાં ?

(A) બનાસકાંઠા
(B) સાબરકાંઠા
(C) ઈડર
(D) કચ્છ
(E) Not Attempted

20. નીચેનામાંથી કર્મણિ વાક્યરચના કઈ છે તે જણાવો.

(A) કંચન માસી બોલ્યાં.
(B) રમજુ સકીનાને પકવાન જમાડતો.
(C) આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવ્યું.
(D) સકીનાના મૃત્યુનો ભેદ રમજુથી પણ ઉકેલી શકાયો ન હતો.
(E) Not Attempted

21. મકાન બાંધકામની મંજૂરીની અરજી ગ્રામપંચાયતને મળેથી કેટલા દિવસમાં હા કે ના નો જવાબ અરજદારને આપવાનું નક્કી થયેલું છે ?

(A) ચાલીસ દિવસ
(B) પીસ્તાલીસ દિવસ
(C) સાઈઠ દિવસ
(D) ત્રીસ દિવસ
(E) Not Attempted

22. I _______ a reply _______ further delay.

(A) must have been, with
(B) must have, without
(C) did have, till
(D) must have, within
(E) Not Attempted

23. સોલંકી વંશનો સ્થાપક કોણ હતો ?

(A) વિજયાલય
(B) ઉપેન્દ્રરાજ
(C) મૂળરાજ પહેલો
(D) કોકલ્લ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

24. કયા વિરામ ચિહ્નો જોડમાં જ વપરાય છે ?

(A) અર્ધવિરામ
(B) અવતરણ ચિહ્ન
(C) પૂર્ણવિરામ
(D) અલ્પવિરામ
(E) Not Attempted

25. Look at those black clouds. It _______.

(A) is going on rain
(B) going to rain
(C) is going to rain
(D) has gone to rain
(E) Not Attempted

26. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો :

| અ | બ |
|---|---|
| 1. લોહીની સગાઈ | a. પન્નાલાલ પટેલ |
| 2. શરણાઈના સૂર | b. ધૂમકેતુ |
| 3. પોસ્ટઑફિસ | c. ઈશ્વર પેટલીકર |
| 4. કાશીમાની કૂતરી | d. ચુનીલાલ મડિયા |

(A) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(B) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(C) 1 - d, 2 - b, 3 - c, 4 - a
(D) 1 - c, 2 - d, 3 - b, 4 - a
(E) Not Attempted

27. Choose the antonym of the underlined word from the given options.

The Captain was ***annoyed*** that he had not caried out his orders.

(A) shocked
(B) pleased
(C) enraged
(D) surprised
(E) Not Attempted

28. She has bought some cloth; she _______ herself a dress.

(A) will going to make
(B) shall gone to make
(C) can going to make
(D) is going to make
(E) Not Attempted

29. "સગાંસંબંધીમાં જન્મ તેમજ મરણ વગેરેથી પાળવામાં આવતું અલગપણું" – શબ્દસમૂહ માટેનો એક શબ્દ કયો ?

(A) મોકાણ
(B) બેસણું
(C) સૂતક
(D) સરવણી
(E) Not Attempted

30. Hurry up ! The programme _______ start.

(A) is about to
(B) is into
(C) is by to
(D) is over to
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

31. નીચે આપેલ જોડકા યોગ્ય રીતે જોડો.

| ખેતી સંલગ્ન પ્રવૃત્તિઓ | કાર્ય |
|---|---|
| 1. પૌલ્ટ્રી કલ્ચર | a. મત્સ્ય પાલન |
| 2. સેરી કલ્ચર | b. ફુલ ઉછેર |
| 3. પીસી કલ્ચર | c. મરઘા ઉછેર |
| 4. ફ્લોરી કલ્ચર | d. રેશમ ઉત્પાદન |

(A) 1 - c, 2 - a, 3 - b, 4 - d
(B) 1 - b, 2 - a, 3 - d, 4 - c
(C) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(D) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(E) Not Attempted

32. યુનિવર્સીટી ગ્રાન્ટ્સ કમિશનમાં હાલ ચેરમેન તરીકે કોણ છે ?
(A) શ્રી સતીશ ચંદ્રા (Satish Chandra)
(B) શ્રી વી. એસ. ક્રિષ્ણા (V.S. Krishna)
(C) શ્રી નાગેશ્વર રાવ (Nageshwar Rao)
(D) શ્રી એમ. જગાદેશકુમાર (M. Jagadesh Kumar)
(E) Not Attempted

33. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચી જોડણી ધરાવતો વિકલ્પ પસંદ કરો.
(A) દીશાશૂન્ય
(B) દિશાસૂન્ય
(C) દિશાશૂન્ય
(D) દીશાસૂન્ય
(E) Not Attempted

34. I _______ you when he _______ back.
(A) calling, coming
(B) will call, comes
(C) coming, calling
(D) call, come
(E) Not Attempted

35. નીચે સંધિનું જૂથ આપવામાં આવેલ છે. તેમાંથી વિગ્રહ સંદર્ભે કયા વિકલ્પની સંધિ ખોટી છે ?
(A) સુ + અલ્પ = સ્વલ્પ
(B) અનુ + એષણા = અનેષણા
(C) વન + ઔષધિ = વનૌષધિ
(D) મનુ + અંતર = મન્વંતર
(E) Not Attempted

36. નીચે આપેલ પંક્તિઓમાંથી કઈ પંક્તિ 'મંદાક્રાન્તા' છંદનું ઉદાહરણ છે ?
(A) ઉગાડે છે વિશ્વે કમલવન કેવાં નિતનવાં.
(B) હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં.
(C) લાંબા જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.
(D) હા પસ્તાવો ! વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

37. ''પીગળે પીગળે પડછાયાના પ્હાડ'' – અલંકાર ઓળખાવો.

(A) વર્ણાનુપ્રાસ અલંકાર
(B) પ્રાસસાંકળી અલંકાર
(C) ઉપમા અલંકાર
(D) અંત્યાનુપ્રાસ અલંકાર
(E) Not Attempted

38. 'અમે બંને આ પરિસ્થિતિ સહી ના શક્યાં.' – આ કયા પ્રકારનું વાક્ય છે તે જણાવો.

(A) નિષેધવાક્ય
(B) આજ્ઞાર્થવાક્ય
(C) સંભાવનાર્થવાક્ય
(D) પ્રશ્નાર્થવાક્ય
(E) Not Attempted

39. **Which option is the synonym of 'dissolute' ?**

(A) immortal
(B) moral
(C) mortal
(D) immoral
(E) Not Attempted

40. મચ્છર દ્વારા નીચેના પૈકી કયા રોગ થાય છે ?

(A) ડેન્ગ્યુ, મેલેરીયા, ચિકનગુનીયા
(B) મેલેરીયા, કોલેરા, ટાઈફોઈડ
(C) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(D) મેલેરીયા, ડેન્ગ્યુ, કોલેરા
(E) Not Attempted

41. **I _______ know it _______ you spoke.**

(A) do not, till
(B) did not, until
(C) can, until
(D) will, until
(E) Not Attempted

42. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં જો તમારૂ નામ હોય તો હોસ્પિટલમાં કેટલા રૂપિયા સુધીનો લાભ મળવા પાત્ર છે ?

(A) 2,00,000/-
(B) 4,00,000/-
(C) 5,00,000/-
(D) 1,50,000/-
(E) Not Attempted

43. 'અનુજ્ઞા' – શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.

(A) ઈચ્છા
(B) અનાદર
(C) પરવાનગી
(D) આજ્ઞા
(E) Not Attempted

44. 'વગડા વચ્ચે એકાકી મંદિર છે.' – રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

(A) જથ્થાવાચક વિશેષણ
(B) માત્રાસૂચક વિશેષણ
(C) ગુણવાચક વિશેષણ
(D) સંખ્યાવાચક વિશેષણ
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

45. નીચે આપેલ શ્રેણીમાં ખાલી જગ્યાએ કયો વિકલ્પ આવશે ?

AB, DEF, HIJK, ____, STUVWX

(A) LMNOP
(B) MNOPQ
(C) QRSTU
(D) LMNO
(E) Not Attempted

46. નીચે આપેલ સંખ્યાશ્રેણીમાં બંધબેસતી ન હોય તે સંખ્યા જણાવો :-

2, 5, 10, 50, 500, 5000

(A) 10
(B) 50
(C) 5000
(D) 5
(E) Not Attempted

47. મૃત સમુદ્ર (Dead sea) શું છે ?

(A) જેનું પાણી ઝેરી છે
(B) વહાણવટા માટે અત્યંત જોખમી સમુદ્ર
(C) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(D) સૌથી વધુ ખારાશ ધરાવતો સમુદ્ર
(E) Not Attempted

48. "લીલી નાઘેર"નો મોટો ભાગ કયા જીલ્લામાં આવે છે ?

(A) ગીર-સોમનાથ
(B) મહીસાગર
(C) જુનાગઢ
(D) બોટાદ
(E) Not Attempted

49. I _______ my exercise _______ then.

(A) shall have write, soon
(B) shall has written, by
(C) shall written, soon
(D) shall have written, by
(E) Not Attempted

50. કારગીલ યુદ્ધ તરીકે ઓળખાતું ભારત-પાકિસ્તાન વચ્ચેનું યુધ્ધ ક્યારે થયેલું ?

(A) 1999
(B) 2000
(C) 2001
(D) 1998
(E) Not Attempted

51. નીચેના પૈકી ભેંસમાં તાવ દર્શાવતું મુખ્ય ચિહ્ન કયું છે?

(A) મઝલનું સુકાવું
(B) લંગડાતુ ચાલવું
(C) ગળામાં સોજો
(D) ભાંભરવું
(E) Not Attempted

51. Which of the following is important sign of fever in buffalo?

(A) Dryness of muzzle
(B) Lamness
(C) Swelling in throat
(D) Bellowing
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

52. નીચેનામાંથી કયો પાક સાયલેજ (ઘાસનું અથાણુ) બનાવવામાં વાપરી શકાય નહીં ?

(A) જુવાર (B) બાજરી

(C) રજકો (D) મકાઈ

(E) Not Attempted

52. Which fodder can not be used for silage preparation ?

(A) Jowar (B) Bajra

(C) Lucerne (D) Maize

(E) Not Attempted

53. માદા ઉંટમાં આંચળની સંખ્યા કેટલી હોય છે ?

(A) ચાર (B) છ

(C) આઠ (D) બે

(E) Not Attempted

53. How many number of teats are present in female camel?

(A) Four (B) Six

(C) Eight (D) Two

(E) Not Attempted

54. ગુજરાત રાજ્યમાં સરકારી પશુ-પક્ષી રસી ઉત્પાદક સંસ્થા ક્યાં આવેલી છે ?

(A) દાંતીવાડા (B) જુનાગઢ

(C) ગાંધીનગર (D) આણંદ

(E) Not Attempted

54. In Gujarat, where Animal-Bird vaccine production institute is situated?

(A) Dantiwada (B) Junagadh

(C) Gandhinagar (D) Anand

(E) Not Attempted

55. કયા પ્રાણીને ગરીબની ગાય તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ઘેટી (B) કુતરી

(C) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં (D) બકરી

(E) Not Attempted

55. Which animal is considered as poor man's cow ?

(A) Ewe (B) Bitch

(C) None of the three mentioned here (D) Doe

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

56. નીચેના પૈકી શિંગડાના કેન્સર (કરમોડી)નો ઉત્તમ ઈલાજ કયો છે?

(A) હોમીયોપેથીક સારવાર (B) એલોપેથીક દવા

(C) આયુર્વેદીક દવા (D) શસ્ત્રક્રિયા

(E) Not Attempted

56. Which of the following is the best treatment of horn cancer?

(A) Homeopathic treatment (B) Allopathic drugs

(C) Ayurvedic drugs (D) Surgery

(E) Not Attempted

57. પશુ શરીરની મોટામાં મોટી ગ્રંથિ (Gland) કઈ છે ?

(A) બરોળ (B) યકૃત

(C) પેરોટીડ (D) પીચ્યુટરી

(E) Not Attempted

57. Which is the biggest gland in the animal body ?

(A) Spleen (B) Liver

(C) Parotid (D) Pituitary

(E) Not Attempted

58. ગામમાં ક્રીમીયન કોન્ગો હેમરેજીક ફીવર (CCHF) રોગથી એક નાગરીકનું મૃત્યુ થાય છે. સતર્કતા અને રોગ અટકાવવા માટે નીચે પૈકીની કઈ કામગીરીને અગ્રીમતા આપશો ?

(A) કથીરીનાશક દવાનો છંટકાવ

(B) પશુઓને રોગ સામે રસીકરણ

(C) મચ્છરનાશક દવાઓનો છંટકાવ

(D) ઝાડ અને અવાવરા મકાનોમાંથી ચામાચીડીયા દુર કરવાની કામગીરી

(E) Not Attempted

58. A person has died due to Cremanian Congo Haemarrhasic Fever (CCHF) in a village. Which one of the following activity is given priority to prevention of CCHF ?

(A) Spraying of insecticide

(B) Vaccination against animal diseases

(C) Spraying of mosquito repellant

(D) Removal of baits form trees & unused houses

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

59. નીચેનામાંથી કયું ભેંસમાં આફરો થવા માટે જવાબદાર છે?

(A) રજકો
(B) પેટમાં લોખંડ
(C) અહીં દર્શાવેલ ત્રણેય
(D) કુમળી જુવાર
(E) Not Attempted

59. Which of the following is responsible for tympany in buffalo?

(A) Lucerne
(B) Iron in stomach
(C) All three mentioned here
(D) Immature Jowar
(E) Not Attempted

60. ઘોડીમાં ગર્ભકાળનો સમય કેટલો હોય છે ?

(A) 10 મહિના 10 દિવસ
(B) 9 મહિના 9 દિવસ
(C) 12 મહિના 12 દિવસ
(D) 11 મહિના 11 દિવસ
(E) Not Attempted

60. What is the average gestation period for a mare ?

(A) 10 months 10 days
(B) 9 months 9 days
(C) 12 months 12 days
(D) 11 months 11 days
(E) Not Attempted

61. નીચેના પૈકી ઉત્તમ પ્રકારના ઉન માટે વિશ્વ પ્રચલિત ઘેટાની નસલ (બ્રીડ) કઈ છે?

(A) પાટણવાડી
(B) મારવાડી
(C) મેરીનો
(D) કોરીડેલ
(E) Not Attempted

61. Which of the following is world famous breed of sheep for good quality of wool ?

(A) Patanwadi
(B) Marwadi
(C) Merino
(D) Corridale
(E) Not Attempted

62. વીસમી પશુધન વસ્તી ગણતરી પ્રમાણે, ગુજરાત રાજ્યની પશુધન વસ્તી કેટલી છે?

(A) 3.689 કરોડ
(B) 4.689 કરોડ
(C) 1.869 કરોડ
(D) 2.689 કરોડ
(E) Not Attempted

62. Livestock population in Gujarat as per twentieth live stock cencus is.

(A) 3.689 crores
(B) 4.689 crores
(C) 1.869 crores
(D) 2.689 crores
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

63. "RAKSHA VAC-T" (રક્ષા વેક-ટી) નામની રસી કયા રોગનાં નિયંત્રણ માટે વાપરવામાં આવે છે ?

(A) ખરવા-મોવાસા
(B) ચકરી
(C) થાયલેરીઓસીસ
(D) બ્રુસેલોસીસ
(E) Not Attempted

63. RAKSHA VAC-T vaccine is used for prevention of which disease ?

(A) Foot & mouth disease
(B) Trypanosomiasis
(C) Thileriosis
(D) Brucellosis
(E) Not Attempted

64. દૂધ દોહન ક્રિયા સાથે સંકળાયેલ અંતઃસ્ત્રાવ કયો છે?

(A) થાયરોક્સીન
(B) ઈસ્ટ્રોજન
(C) અહીં દર્શાવેલ ત્રણેય
(D) ઓક્સીટોસીન
(E) Not Attempted

64. Which Hormone is associated with let down of milk?

(A) Thyroxine
(B) Estrogen
(C) All three mentioned here
(D) Oxytocin
(E) Not Attempted

65. તાજા જન્મેલા ગાય-ભેંસના બચ્ચાને તેના કુલ વજનના કેટલા ભાગનું કરાઠુ (કોલોસ્ટ્રમ) પીવડાવવું જોઈએ ?

(A) પાંચમાં
(B) બીજા
(C) પંદરમાં
(D) દસમાં
(E) Not Attempted

65. Calf should be given colostrum at what rate of body weight?

(A) $1/5^{th}$
(B) $1/2^{th}$
(C) $1/15^{th}$
(D) $1/10^{th}$
(E) Not Attempted

66. પીંક રીવોલ્યુશન (ગુલાબી ક્રાંતિ) શબ્દ શેની સાથે સંકળાયેલ છે ?

(A) ઈંડા ઉત્પાદન
(B) માંસ ઉત્પાદન
(C) ઉન ઉત્પાદન
(D) માછલી ઉત્પાદન
(E) Not Attempted

66. Word "Pink Revolution" is associated with ?

(A) Egg production
(B) Meat production
(C) Wool production
(D) Fish production
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

67. LTLT પાશ્ચ્યુરાઈઝેશન પદ્ધતિમાં સમય અને તાપમાનનું પ્રમાણ કેટલું હોય છે?

(A) 63° સેન્ટીગ્રેડ – 30 સેકન્ડ
(B) 50° સેન્ટીગ્રેડ – 30 મીનીટ
(C) 50° સેન્ટીગ્રેડ – 30 સેકન્ડ
(D) 63° સેન્ટીગ્રેડ – 30 મીનીટ
(E) Not Attempted

67. In LTLT pasteurization process which combination of time & temperature is required?

(A) 63° centigrade – 30 second
(B) 50° centigrade – 30 minute
(C) 50° centigrade – 30 second
(D) 63° centigrade – 30 minute
(E) Not Attempted

68. શેમાં સૌથી વધુ શરીરનું તાપમાન જોવા મળે છે?

(A) ગાય
(B) ભેંસ
(C) કુતરો
(D) મરઘી
(E) Not Attempted

68. In which highest body temperature is observed?

(A) Cow
(B) Buffalo
(C) Dog
(D) Poultry
(E) Not Attempted

69. વધુ દૂધ ઉત્પાદન આપતી ગાયની કઈ નસલ (બ્રીડ) ગુજરાતમાં જોવા મળે છે ?

(A) ગીર
(B) ડાંગી
(C) શાહીવાલ
(D) ડગરી
(E) Not Attempted

69. Which of the following high milk producing cow breed is found in Gujarat?

(A) Gir
(B) Dangi
(C) Shahiwal
(D) Dagri
(E) Not Attempted

70. કોના દૂધમાં ફેટની ટકાવારી વધુ હોય છે ?

(A) ઘેટી
(B) ઘોડી
(C) મહિલા
(D) બકરી
(E) Not Attempted

70. Milk fat percent is found higher in which of the following animal?

(A) Ewe
(B) Mare
(C) Woman
(D) Doe
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

71. નીચેના પૈકી કઈ નોન સ્ટીરોઈડ એન્ટી ઈન્ફલામેટરી દવા છે?

(A) ડેક્ઝામેથાસોન
(B) ફીનાઈલબ્યુટાઝોન
(C) પ્રેડનીસોનોલ
(D) ઓક્જીટેટ્રાસાયક્લીન
(E) Not Attempted

71. Which of the following is a non steroidal anti inflammatory drug?

(A) Dexamethasone
(B) Phenylbutazone
(C) Prednisolone
(D) Oxytetracycline
(E) Not Attempted

72. નીચેના પૈકી દૂધિયા તાવ માટે ઉત્તમ દવા કઈ છે?

(A) ઓક્સીટેટ્રાસાયક્લીન
(B) પેરાસીટામોલ
(C) ફીનાઈલબ્યુટાઝોન
(D) કેલ્શયમ બોરોગ્લુકોનેટ
(E) Not Attempted

72. Which of the following is a drug of choice for milk fever?

(A) Oxytetracycline
(B) Paracetamol
(C) Phenylbutazone
(D) Calcium borogluconate
(E) Not Attempted

73. ગાય-ભેંસમાં વધુ નફાકારક દૂધ ઉત્પાદન માટે વિયાણ બાદ કેટલા સમયમાં ફેળવી દેવું જોઈએ?

(A) 60 દિવસમાં
(B) 90 દિવસમાં
(C) 120 દિવસમાં
(D) 30 દિવસમાં
(E) Not Attempted

73. Cow-Buffalo should be bred at which time after calving for efficient milk production?

(A) within 60 days
(B) within 90 days
(C) within 120 days
(D) within 30 days
(E) Not Attempted

74. ગાયમાં રંગસુત્રોની કેટલી જોડી (પેર) હોય છે?

(A) 26 પેર
(B) 28 પેર
(C) 30 પેર
(D) 24 પેર
(E) Not Attempted

74. How many pairs of chromosomes are present in Cow?

(A) 26 pair
(B) 28 pair
(C) 30 pair
(D) 24 pair
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

75. નીચેના પૈકી પશુપોષણ સંબંધે બિન-પરંપરાગત ખોરાક (Un-conventional feed) નું ઉદાહરણ કયું છે?

(A) રજકો
(B) ડાંગરનું પરાળ
(C) ઘઉંનું ભુસું
(D) આમલીના બીજ
(E) Not Attempted

75. Which of the following is an example of un-conventional feed as per animal nutrition?

(A) Lucerene
(B) Paddy straw
(C) Wheat bran
(D) Seeds of tamarind
(E) Not Attempted

76. પેઢામાં ચેપ લાગવાની ક્રિયાને શું કહેવામાં આવે છે?

(A) ફેરીન્ઝાઈટીસ
(B) જીન્જીવાઈટીસ
(C) હીપેટાઈટીસ
(D) ગ્લોસાઈટીસ
(E) Not Attempted

76. Inflammation of gum is known as...

(A) Pharyngitis
(B) Gingivitis
(C) Hepatitis
(D) Glossitis
(E) Not Attempted

77. નીચેના પૈકી ઈંડા ઉત્પાદન માટે મરઘીની વિશ્વ પ્રસિદ્ધ ઓલાદ કઈ છે?

(A) આર. આઈ. આર.
(B) પ્લાય માઉથ રોક
(C) વાઈટ લેગ હોર્ન
(D) અસીલ
(E) Not Attempted

77. Which of the following is world famous breed of poultry for egg production?

(A) RIR
(B) Ply mouth rock
(C) White leghorn
(D) Aseel
(E) Not Attempted

78. ગુજરાતમાં કઈ નસલ (બ્રીડ)ના બળદ ખેતીકામ માટે પ્રચલિત છે ?

(A) નાગોરી
(B) થારપારકર
(C) કાંકરેજ
(D) હલીકર
(E) Not Attempted

78. Which of the following breed of bullock is famous for agricultural work in Gujarat ?

(A) Nagori
(B) Tharparkar
(C) Kankrej
(D) Hallikar
(E) Not Attempted


ParikSaPath . pariksapath.in

79. લીવરફ્લુક (ફેસીઓલીયાસીસ) રોગ શેનાથી ફેલાય છે?

(A) ઉંદર
(B) ગોકળગાય
(C) ઈતરડી
(D) મચ્છર
(E) Not Attempted

79. Fascioliasis (Liver fluke infection) is transmitted by...

(A) Rat
(B) Snail
(C) Tick
(D) Mosquito
(E) Not Attempted

80. નીચેના પૈકી કયું કીટક "થાયલેરીઓસીસ" નામના રોગનો ફેલાવો થવા માટે જવાબદાર છે?

(A) માખી
(B) ઈતરડી
(C) ચાંચડ
(D) મચ્છર
(E) Not Attempted

80. Which of the following vector is responsible for transmission of thileriosis disease?

(A) House fly
(B) Tick
(C) Flea
(D) Mosquito
(E) Not Attempted

81. કયું પ્રાણી વાગોળતું નથી ?

(A) ભેંસ
(B) બળદ
(C) ઘોડો
(D) ગાય
(E) Not Attempted

81. Which animal do not ruminate ?

(A) Buffalo
(B) Ox
(C) Horse
(D) Cow
(E) Not Attempted

82. "કર્લ્ડ ટો પેરાલાયસીસ" નામનો રોગ પક્ષીના બચ્ચામાં કયા પ્રજીવકની (વીટામીન) ઉણપથી જોવા મળે છે ?

(A) પાયરીડોક્સીન
(B) થાયામીન
(C) નિઆસીન
(D) રીબોફ્લેવીન
(E) Not Attempted

82. "Curled Toe Paralysis" disease condition observed in chick is due to the deficiency of which vitamin?

(A) Pyridoxine
(B) Thiamine
(C) Niacin
(D) Riboflavin
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

83. શેના કારણે દેશી ગાયનાં દૂધનો પીળાશ પડતો રંગ જોવા મળે છે?

(A) કેઝીન
(B) કેરોટીન
(C) વીટામીન 'ઈ'
(D) વીટામીન 'સી'
(E) Not Attempted

83. Yellow color of cow milk is becuase of...

(A) Casein
(B) Carotene
(C) Vitamin E
(D) Vitamin C
(E) Not Attempted

84. વીસમી પશુધન વસ્તી ગણતરી પ્રમાણે, ગુજરાત રાજ્યમાં મરઘા વર્ગના પક્ષીઓની કુલ સંખ્યા કેટલી છે?

(A) 3.177 કરોડ
(B) 1.177 કરોડ
(C) 2.177 કરોડ
(D) 4.177 કરોડ
(E) Not Attempted

84. What is the population of poultry in Gujarat state as per twentieth census of live stock?

(A) 3.177 crores
(B) 1.177 crores
(C) 2.177 crores
(D) 4.177 crores
(E) Not Attempted

85. કયા રોગમાં પેશાબ લાલ રંગનો આવે છે ?

(A) ગળસૂંઢો
(B) બેબેસીઓસીસ
(C) હડકવા
(D) ફેસીઓલીયાસીસ
(E) Not Attempted

85. In which disease red color urine is passed out ?

(A) Haemorrhagic septicaemia
(B) Babesiosis
(C) Rabies
(D) Fascioliasis
(E) Not Attempted

86. પક્ષીઓમાં "ફાઉલ ટાઈફોઈડ" નામનો રોગ કયા બેક્ટેરીયા (જીવાણું)થી થાય છે ?

(A) સાલમોનેલા ગેલીનેરમ
(B) સાલમોનેલા એન્ટેરીટીડીસ
(C) સાલમોનેલા ટાઈફીમ્યુરીઅમ
(D) સાલમોનેલા પુલોરમ
(E) Not Attempted

86. "Fowl Typhoid" disease in bird is caused by?

(A) Salmonella gallinarum
(B) Salmonella enteritidus
(C) Salmonella typhimurium
(D) Salmonella pullorum
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

87. પુખ્ત ગાયને પ્રતિ દિન કેટલા લીટર પાણી આપવું જોઈએ ?

(A) 5 લીટર
(B) 8 લીટર
(C) 10 લીટર
(D) 30 લીટર
(E) Not Attempted

87. How much quantity of water should be given to an adult cow per day ?

(A) 5 litres
(B) 8 litres
(C) 10 litres
(D) 30 litres
(E) Not Attempted

88. દૂધમાં મુખ્યત્વે આ કયા ઘટકની ઉણપ જોવા મળે છે?

(A) પ્રોટીન
(B) પાણી
(C) ચરબી
(D) આર્યન
(E) Not Attempted

88. Which content in milk is mainly deficient?

(A) Protein
(B) Water
(C) Fat
(D) Iron
(E) Not Attempted

89. નીચેના પૈકી શેમાં પિત્તાશય જોવા મળતુ નથી?

(A) ઘોડો
(B) કુતરો
(C) ઘેટું
(D) બળદ
(E) Not Attempted

89. Pancreas is not seen in which of the following animal?

(A) Horse
(B) Dog
(C) Sheep
(D) Ox
(E) Not Attempted

90. GCMMF (ગુજરાત કો-ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન)નું મુખ્ય મથક ક્યાં આવેલુ છે?

(A) કર્નાલ
(B) પાલનપુર
(C) આણંદ
(D) ન્યુ દિલ્હી
(E) Not Attempted

90. Where Gujarat Co-operative Milk Marketing Federation (GCMMF) head quarter is situated?

(A) Karnal
(B) Palanpur
(C) Anand
(D) New Delhi
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

91. "ઓપરેશન ફ્લડ" શબ્દ શેના સાથે સંકળાયેલ છે?

(A) માછલી
(B) દૂધ
(C) મકાઈ
(D) દિવેલા
(E) Not Attempted

91. Word "Operation Flood" is associated with...

(A) Fish
(B) Milk
(C) Maize
(D) Castor
(E) Not Attempted

92. ગર્ભ પરિક્ષણ માટે "ક્યુબોની ટેસ્ટ" કયા પ્રાણીમાં કરવામાં આવે છે ?

(A) ગાય
(B) ઘોડી
(C) કુતરી
(D) ઘેટી
(E) Not Attempted

92. "Cubony Test" is performed for pregnancy diagnosis in which animal ?

(A) Cow
(B) Mare
(C) Bitch
(D) Ewe
(E) Not Attempted

93. વિશ્વ સંક્રમણ દિવસ (World Zoonosis Day) ક્યારે મનાવવામાં આવે છે ?

(A) 6 સપ્ટેમ્બર
(B) 6 જુલાઈ
(C) 28 સપ્ટેમ્બર
(D) 5 જૂન
(E) Not Attempted

93. On which day World Zoonosis Day is celebrated?

(A) $6^{th}$ September
(B) $6^{th}$ July
(C) $28^{th}$ September
(D) $5^{th}$ June
(E) Not Attempted

94. કુતરામાં "હીમેટોમા" (લોહીની ગાંઠ) શરીરના કયા ભાગમાં વધારે જોવા મળે છે ?

(A) આંખ
(B) પૂંછડી
(C) પગના પંજા
(D) કાન
(E) Not Attempted

94. "Haematoma" in dog is mostly observed in which part of the body ?

(A) Eye
(B) Tail
(C) Toes
(D) Ear
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

95. ગુજરાત રાજ્યમાં કચ્છ વિસ્તારમાં વધુ જોવા મળતી ભેંસની ઓલાદ કઈ છે ?

(A) સૂરતી
(B) જાફરાબાદી
(C) બન્ની
(D) મહેસાણી
(E) Not Attempted

95. Which breed of buffaloe is mostly observed in Kutch area of Gujarat ?

(A) Surati
(B) Jafarabadi
(C) Banni
(D) Mehsani
(E) Not Attempted

96. દૂધાળ પશુઓને તેના વજનનાં કેટલા ટકા ખોરાક સુકી માત્રામાં આપવો જોઈએ ?

(A) 1-2%
(B) 2.5-3%
(C) 4-5%
(D) 5-6%
(E) Not Attempted

96. How much percent of body weight should be given as dry matter to milking animals?

(A) 1-2%
(B) 2.5-3%
(C) 4-5%
(D) 5-6%
(E) Not Attempted

97. આઠ અઠવાડિયા સુધીનાં ઈંડા આપતી મરઘીના બચ્ચાને કયો ખોરાક આપવામાં આવે છે?

(A) લેયર મેશ
(B) ચીક મેશ (સ્ટાર્ટર ફીડ)
(C) બ્રોયલર મેશ
(D) ગ્રોવર મેશ
(E) Not Attempted

97. Which of the following feed is given to young one up to 8 weeks of age in egg laying birds?

(A) Layer mash
(B) Chick mash (starter feed)
(C) Broiler mash
(D) Grower mash
(E) Not Attempted

98. સગર્ભા ગાય-ભેંસને વિયાણના કેટલા દિવસ પહેલા વસુકાવવું જોઈએ ?

(A) 60 દિવસ
(B) 90 દિવસ
(C) 120 દિવસ
(D) 30 દિવસ
(E) Not Attempted

98. Pregnant cow-buffalo should be allowed to dry before how many day of calving ?

(A) 60 days
(B) 90 days
(C) 120 days
(D) 30 days
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

99. નેશનલ બ્યુરો ઓફ એનીમલ જીનેટીક રીસોર્સીસ (NBAGR) નું વડુ મથક ભારતનાં કયા શહેરમાં આવેલું છે ?

(A) ઈજ્જતનગર
(B) કર્નાલ
(C) પંતનગર
(D) નવી દિલ્હી
(E) Not Attempted

99. Head quarter of National Bureau of Animal Genetic Ressources (NBAGR) is situated in which of the following city ?

(A) Izzatnagar
(B) Karnal
(C) Pantnagar
(D) New Delhi
(E) Not Attempted

100. ગાયમાં ફલીનીકરણ (Fertiliztion) ની ક્રિયા પ્રજનનતંત્રના કયા ભાગમાં જોવા મળે છે?

(A) યોનિ
(B) કમળ
(C) ગર્ભાશય
(D) અંડવાહિની
(E) Not Attempted

100. Fertiliztion process is observed in which part of reproductive system of cow?

(A) Vagina
(B) Cervix
(C) Uterus
(D) Oviduct
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા



PariksaPath . pariksapath.in

QUE. BOOKLET NO. 9002350
SEAL SEAL SEAL

SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (**OMR SHEET**) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.



PariksaPath . pariksapath.in

## GUJARAT PANCHAYAT SERVICES SELECTION BOARD

### FINAL ANSWER KEY

**Advt. No. : 9/2021-22 - Live Stock Inspector (LSI-2021-22)**
**Exam Date : 26/03/2022**

**QUESTION PAPER SERIES - D**

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|
| 1 | B | 26 | D | 51 | A | 76 | B |
| 2 | B | 27 | B | 52 | ★ | 77 | C |
| 3 | C | 28 | D | 53 | A | 78 | C |
| 4 | A | 29 | C | 54 | C | 79 | B |
| 5 | C | 30 | A | 55 | D | 80 | B |
| 6 | A | 31 | D | 56 | D | 81 | C |
| 7 | B | 32 | D | 57 | B | 82 | D |
| 8 | D | 33 | C | 58 | A | 83 | B |
| 9 | D | 34 | B | 59 | C | 84 | C |
| 10 | B | 35 | B | 60 | D | 85 | B |
| 11 | C | 36 | D | 61 | C | 86 | A |
| 12 | D | 37 | A | 62 | D | 87 | D |
| 13 | D | 38 | A | 63 | C | 88 | D |
| 14 | C | 39 | D | 64 | D | 89 | A |
| 15 | C | 40 | A | 65 | D | 90 | C |
| 16 | A | 41 | B | 66 | ★ | 91 | B |
| 17 | B | 42 | C | 67 | D | 92 | B |
| 18 | A | 43 | C,D | 68 | D | 93 | B |
| 19 | A | 44 | C | 69 | A,C | 94 | D |
| 20 | D | 45 | B | 70 | A | 95 | C |
| 21 | D | 46 | C | 71 | B | 96 | B |
| 22 | B | 47 | D | 72 | D | 97 | B |
| 23 | C | 48 | A | 73 | A,B | 98 | A |
| 24 | B | 49 | D | 74 | C | 99 | B |
| 25 | C | 50 | A | 75 | D | 100 | D |

**★ = 1 Mark given to all candidates**

PariksaPath . pariksapath.in